

મોડાસા શહેરના મહાલક્ષ્મી ટાઉનહોલમાં એક દૈનિકપત્ર દ્વારા યોજાયેલ સ્નેહમિલન સમારંભમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, એપીએમસી ચેરમેન ચંદુલાલ પટેલ, મેયર એસ.આર. પટેલ, કાઉન્સીલર કમલેશ પટેલ, ભાજપ પ્રમુખ ધીરુભાઈ પ્રજાપતિ, કેતન પ્રજાપતિ, અશોક ભાવસાર અને આફતાબ દુરાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં પત્રકારોની ઉપસ્થિતિમાં મોડાસા નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ જમીન પર પ્રેસ કલબ માટે મકાન બનાવવાની ચર્ચા થઈ હતી.

## સાબરકાંઠા જિલ્લા સંકલન સમિતિની યોજાયેલી બેઠક

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે યોજાયેલી સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા કલેકટર બંછાનિધિ ઉપસ્થિત તમામ અમલીકરણ અધિકારીઓને જિલ્લામાં આયોજનની વિવિધ જોગવાઈઓ હેઠળ હાથ ધરાતા વિકાસના કામો ઝડપથી પૂરા થાય અને કોઈ કારણોસર રદ કરવા પાત્ર થતાં વિકાસ કામો બદલે ગ્રામ વિકાસના અન્ય કામ સુચવવા અનુરોધ કર્યો હતો.

કલેક્ટરે વિકાસ કામો માટે વિહવટી મંજુરી મેળવવામાં વિલંબ ન થાય તે માટે અધિકારીશ્રીઓને પરસ્પરના સંકલનમાં રહી વિવિધ જોગવાઈઓ હેઠળના કામોને અગત્યતા આપવા પણ જણાવ્યું હતું. તેમણે આ તકે જિલ્લામાં આગામી દિવસોમાં હાથ ધરાનાર ગામ તળાવો ઉંડા કરવાની કામગીરીનો ઉલ્લેખ કરી તળાવો ઉંડા કરવાનું કાર્ય ટુકડે-ટુકડે નહી પરંતુ સળંગ રીતે થાય તે જોવા તાકીદ કરી હતી.

આ બેઠકમાં સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે ઉપસ્થિત રહી વિકાસ કામો માટે તેમના સૂચનો રજુ કર્યા હતા.

કાર્યવાહક આયોજન સમિતિની આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટરશ્રી ધનાણી સહિત વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં વિકાસના કામો માટે ૨૬૦૦ લાખની જોગવાઈ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલલા આયોજન મંડળની બેઠક જિલ્લા -ભારી અને કાયદા રાજયમંત્રી -દિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને જિલલા સેવાસદન ખાતે મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના વિવેકાધીન, જિલ્લાકક્ષા, તાલુકાકક્ષા-વિવેકાધિન, -ોત્સાહક, ખાસ ભૌગોલિક પછાત વિસ્તાર અને નગરપાલિકાઓના કામોને



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

-થમિકતા આપવામાં આવી હતી.

જિલ્લા -ભારી મંત્રી -દિપસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ કે, -જાના સુખાકારી કામોને -થમિક અગ્રતા આપીને તમામ ધારાસભ્યઓ અને જિલ્લાનાચૂંટાયેલ તમામ પદાધિકારીઓએ ખભે ખભા મિલાવી કામ કરશુ તો જિલ્લાના વિકાસના કામો ઝડપભેર પૂર્ણ થશે અને તો જ સાચા અર્થમાં -જાના સેવક કહેવાઈશુ. વધુમાં મંત્રીએ જિલ્લાની શાળાઓના ઓરડા, પીવાના પાણી અને વિજળીકરણની બાકી કામગીરીને ઝડપથી પુરા કરવા વહિવટીતંત્રના અધિકારીઓનું ધ્યાન દોર્યુ હતુ

આ વર્ષ ૨૦૧૪-૧૫ના વિવેકાધીન (જિલ્લાકક્ષા) જોગવાઈ હેઠળ સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકાઓ માટે રૂ. ૮૧૧ લાખના વિકાસના કામો પૈકી હિંમતનગર તાલુકાના ૧૩૮ કામો માટે રૂ. ૧૨૧ લાખ, ઈડર તાલુકાના ૧૦૫ કામો માટે રૂ. ૯૬ લાખ, વડાલી તાલુકાના ૧૦૧ કામો માટે રૂ. ૧૦૫ લાખ, ખેડબ્રહ્મા તાલુકાના ૬૭ કામો માટે રૂ. ૮૪ લાખ, પોશીના તાલુકાના ૭૮ કામો માટે રૂ. ૧૧૮ લાખ, વિજયનગર તાલુકાના ૫૧ કામો માટે રૂ. ૭૭ લાખ, -ાંતિજ તાલુકાના ૮૩ કામો માટે રૂ. ૧૦૦ લાખ તથા તલોદ તાલુકાના ૧૧૫ કામો માટે રૂ. ૧૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

જયારે નવરચિત અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાઓ માટે રૂ. ૬૯૮ લાખના વિકાસના કામો પૈકી મોડાસા તાલુકાના ૧૩૦ કામો માટે રૂ. ૧૨૦ લાખ, મેઘરજ તાલુકાના ૮૩ કામો માટે રૂ. ૧૨૫ લાખ, માલપુર તાલુકાના ૧૩૬ કામો માટે રૂ. ૧૧૦ લાખ, બાયડ તાલુકાના ૧૦૪કામો માટે રૂ. ૧૩૫ લાખ, ધનસુરા તાલુકાના ૯૩ કામો માટે રૂ. ૧૧૨ લાખની જયારે ભિલોડા તાલુકાના ૧૧૨ કામો માટે રૂ. ૯૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત આદિજાતિ વિશેષ વસતી ધરાવતા સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ૦૫ કામો માટે રૂ. ૧૯ લાખ, વિજયનગર તાલુકાના ૨૪ કામો માટે રૂ. ૩૬ લાખ, ખેડબ્રહ્મા તાલુકાના ૩૨ કામો માટે રૂ. ૩૨ લાખ જયારે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ૫૦ કામો માટે રૂ. ૪૦ લાખ, મેઘરજ તાલુકાના ૧૨ કામો માટે રૂ. ૨૦ લાખ મળી કુલ રૂ. ૬૦ લાખની જોગવાઈ ટીએએસપી ગ્રાન્ટ અન્વયે કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લાની ૬ નગરપાલિકા વિસ્તારના ગટરલાઈન, પીવાના પાણી તથા વિજળીકરણના -શ્નોને ઉકેલવા માટે રૂ. ૧૫૦ લાખના ૨૬ કામોની મંજુરી આપવામાં આવી હતી. જયારે અરવલ્લી જિલ્લાની મોડાસા અને બાયડ નગરપાલિકાના ૧૨ કામો માટે રૂ. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

આ ઉપરાંત ખાસ અંગભૂત જોગવાઈ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૧૦૨.૨૦ લાખના ૮૬ કામો તથા અરવલ્લી જિલ્લામાં રૂ. ૫૨ લાખના ૪૦ કામો માટેની મંજુરી આપવામાં આવી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં મહેસુલી તલાટીઓની પરીક્ષાને પગલે જાહેરનામુ

સાબરકાંઠા ખાતે આગામી તા. ૧૬-૨-૨૦૧૪ને રવિવારના રોજ સાબરકાંઠા જિલ્લાના ૧૧૯ પરીક્ષા કેન્દ્રો ઉપર મહેસુલ વિભાગ દ્વારા આયોજીત મહેસુલી તલાટીઓની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે તેમજ તે અંગ ઉમેદવારોને અડચણ અને ત્રાસ દુર કરવાના હેતુથી ઝેરોક્ષ મશીનવાળા વેપારીઓ દ્વારા ઝેરોક્ષ મશીનનો ઉપયોગ ન થાય, પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન દ્વારા પરીક્ષા કેન્દ્રમાં ગેરરીતી ન આચરે તેમજ અનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રમાં દાખલ ન થાય અને પરીક્ષા કેન્દ્રની આજુબાજુ લોકોના ટોળા એકત્ર ન થાય અને સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે ઝડપી ઉપાય યોજવા સાબરકાંઠાના અ. જિલ્લા મેજીસ્ટ્રેટે એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધાત્મક હુકમ કર્યા છે.

આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે ૧૬-૨-૨૦૧૪ રવિવારના રોજ ૧૨ કલાકથી બપોરના ૧૩ કલાક દરમિયાન મહેસુલ વિભાગ દ્વારા આયોજીત મહેસુલી તલાટીઓની પરીક્ષા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા તમામ તાલુકાના કુલ ૧૧૯ પરીક્ષા કેન્દ્રો ઉપરથી લેવાનાર છે.

આ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ એક કિલોમીટર વિસ્તારમાં આવેલા ઝેરોક્ષ/ફેકસના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ કરવા ઉપર, પરીક્ષા કેન્દ્રની ૨૦ મીટરની ત્રિજયામાં ઘોંઘાટ કરે તેવા વાહનો પાર્ક કરવા, મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનીવર્ધક સાધનોનો ઉપયોગ કરવા ઉપર, પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓને મોબાઈલ ફોન લઈ જવા ઉપર તેમજ પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત સિવાય કોઈ અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

# હિંમતનગર શહેરમાં ૯૦૦થી વધુ આવાસોનું નિર્માણ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના શહેરી ગરીબો માટે નિર્માણ કરાયેલ ૯૦૦ થી વધુ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો નલીનકાન્ત ગાંધી ટાઉન હોલ હિંમતનગર ખાતે યોજાયો હતો. આ આવાસોનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો સુરત ખાતે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરાયો હતો. સુરત ખાતે ડ્રો થયા પછી તમામ લાભાર્થીઓને ઘર ફાળવણી સાથેનો અભિનંદન-શુભેચ્છા પત્ર આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય કાયદા અને જિલ્લા પ્રભારી મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, હિંમતનગરના શહેરીજનો માટે આજનો પ્રસંગ અનેરો છે. આ પ્રસંગ થકી આજે શહેરી ગરીબોના પરીવારોને જોડાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત વર્ષે આ શહેરમાં થયેલ કામગીરીની વિગતો આપતા કહ્યું હતું કે, હસનનગર, વણઝારાવાસ અને છાપરીયા વિસ્તારમાં મહાનગર કક્ષાની સમકક્ષ આંતરિક ભૂગર્ભ ગટરલાઈન રસ્તાઓ, પીવાના પાણી સહિતની જનસુખાયની અનેક માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

મંત્રીએ ઘરના ઘરની વાત કરતા જણાવ્યું હતું કે, દરેક સામાન્ય વ્યક્તિને ઘરનું ઘર બનાવવાનું એક સ્વપ્ન હોય છે. પણ જમીનના આસમાને પહોંચેલ ભાવના કારણે મકાનો મોંઘા બની ગયા છે. આવા સમયમાં શહેરી વિસ્તારમાં મધ્યમ આવક ધરાવતા લોકો માટે મુખ્યમંત્રી ગૃહ યોજના લાભદાયી બની રહેશે. હસનનગર, વણઝારાવાસ અને છાપરીયામાં આવાસોનું નિર્માણ કરાયું છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના અધ્યક્ષા હેમલત્તાબેન પટેલ, પૂર્વમંત્રી પ્રફુલભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર બંછાનિધિ પાની સહિત અનેક મહાનુભાવો અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણમાં મહિલા સશક્તિકરણ સંમેલન યોજાયું

પાટણ, તા. ૧૫

પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી અને સામાજીક શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ વિભાગના મંત્રી લીલાધર વાઘેલાના અધ્યક્ષસ્થાને માતા યશોદા એવોર્ડ, મુખ્યમંત્રી કન્યાકેળવણી નિધિ



વિતરણ તેમજ મહિલા ખેલાડીઓને પુરસ્કાર વિતરણ અંગે જિલ્લા સ્તરીય મહિલા સશક્તિકરણ સંમેલન સિંધવાઈ માતા મંદિર પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પાટણ જિલ્લા પંચાયતના પ્રમુખ મોહનભાઈ પટેલ અને એસ.ટી. નિગમના ડીરેકટર કે.સી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રભારીમંત્રી લીલાધર વાઘેલાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે સમાજના ભાવી પેઢીના ઘડતરની જવાબદારી આંગણવાડી બહેનો નિભાવે છે. જેમાં બાળકમાં સાચી સમજ અને સંસ્કારનું સિંચન કરવાનું કામ આ બહેનો થકી કરવામાં આવી રહ્યું છે. માતાઓ શિક્ષિત હોય તો જ દેશના ભાવિ નાગરીકોનું સાચું ઘડતર કરી શકાય તેથી માતા અને કન્યાઓને શિક્ષિત બનાવવા અનુરોધ કર્યો હતો. વધુમાં મહિલા સશક્તિકરણની વાત કરતા તેઓએ મહિલાઓ અને બાળકોના ઉત્કર્ષ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે તેમ જણાવ્યું હતું. તો રાજ્ય સરકારે બાળકો અને મહિલાઓને ચિંતા કરી છે. સમગ્ર દેશમાં અને ફક્ત ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ કલ્યાણ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં આંગણવાડી બહેનો થકી બાળકોનાં શિક્ષણમાં પાયાનું કામ કરવામાં આવી રહ્યું છે.

તો આ પ્રસંગે એસ.ટી. નિગમના ડીરેક્ટર કે.સી. પટેલે મુખ્યમંત્રી મીશન મંગલમ સખીમંડળની યોજનાઓ અંગે માહિતી આપી હતી અને આ યોજનાઓ થકી મહિલાઓને ઘરની બહાર નીકળી વહીવટ કરવામાં સરળતાઓ પડી રહી છે અને આથી બહેનો આજે પગભર થવા સક્ષમ બની છે. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે મહિલાઓ અનેકવિધ ક્ષેત્રોમાં કામ કરતી થઈ છે ત્યારે મહિલાઓએ રાજકીય પ્રવાહમાં આવીને પરિવર્તન લાવવું પડશે. આ પરિવર્તન માટે માતાઓએ શિક્ષણ સુધારણા કદમાં આગળ વધવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૩ના માતા યશોદા એવોર્ડ અંતર્ગત ૧૧ આંગણવાડી કાર્યકર બહેનો અને ૮ હેલ્પર કાર્યકર બહેનોને રૂ. ૩.૩૯ લાખ તેમજ કન્યા કેળવણી નિધિમાં ૧૧૫ કન્યાઓને કુલ રૂ. ૫.૭૫ લાખના પુરસ્કાર મંત્રી લીલાધર વાઘેલા, જિલ્લા સમાહર્તા જે.બી. વોરાના વરદહસ્તે આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૫૫ મહિલા ખેલાડીઓને રૂ. ૨.૫૪ લાખના પુરસ્કારો મહાનુભાવોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આમ આજના આ કાર્યક્રમમાં કુલ રૂ. ૧૧.૬૮ લાખના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રાંત અધિકારી ભરત જોશી, પ્રકાશભાઈ પટેલ, પાલિકા પ્રમુખ હેમંત તન્ના, શિતલબેન ચૌધરી, પાર્વતીબેન ઠાકોર સહિત આંગણવાડી બહેનો, સખીમંડળની બહેનો એ મહિલા ખેલાડીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

## ખેડૂતને આપેલ ચેક રીટર્ન થતા વેપારીને એક વર્ષની કેદ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગરમાં ટાવરરોડ પર આવેલા શાક માર્કેટના એક વેપારીએ ખેડૂત પાસેથી ખરીદેલા ૯૫૦૪ કિલો બટાકાના પેમેન્ટ માટે આપેલ રૂ. ૪૫૪૫૦નો ચેક પરત થતા કોર્ટે વેપારીને રૂપિયા ૫૦૦૦નો દંડ અને એક વર્ષની કેદની સજા ફરમાવી હતી.

હિંમતનગરના ટાવર રોડ પર આવેલ શાકમાર્કેટમાં શાકભાજીનો ધંધો કરતા વેપારી અંબાલાલ હરજીવનદાસ પવારે ઈડરના એક ખેડૂત પાસેથી ૨૦૦૯ની સાલમાં ૯૫૦૪ કિલો બટાકાની ખરીદી કરી હતી. આ ખરીદીના પેમેન્ટ સ્વરૂપે તેમણે રૂ. ૪૫૪૫૦ની રકમનો ચેક આપેલ હતો જે ખેડૂતે બેંકમાં ભરતા અપૂરતી સિલકના કારણે વણ ચુકવાયેલો પરત આવ્યો હતો. આથી ખેડૂતે પેમેન્ટ માટે નાણાની ઉઘરાણી કરવા છતાં વેપારીએ નાણા ચુકવ્યા નહોતા. તેથી આ બાબતે ખેડૂતના કુલમુખ્યાતર નૈલેષકુમાર ત્રિભોવનદાસ પટેલે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી હતી. હિંમતનગર મેજિસ્ટ્રેટ કોર્ટના જજે ફરિયાદીની વકીલની દલીલો અને પુરાવાના આધારે વેપારીને કસૂરવાર ઠેરવતા એક વર્ષની કેદ અને રૂપિયા પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો.

# ખેડબ્રહ્મામાં નવીન શોપીંગ સેન્ટર તથા લાંબડીયાના પશુ સારવાર કેન્દ્રનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા નવ નિર્મિત અંબિકા શોપીંગ સેન્ટર



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

તથા લાંબડીયાના પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રના મકાનનો લોકાર્પણ કાર્યક્રમ રાજયના કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને ગુરૂવારના રોજ યોજાયો હતો. જેમાં શોપીંગ સેન્ટરની ભોંયતળીયાની ૨૬ તથા પ્રથમ માળની ૨૭ દુકાનો જે રૂ. ૮૭.૨૦ લાખના ખર્ચે તૈયાર થઈ છે. તે ભોંયતળીયાની ૨૬ દુકાનો મૂળ કેબીન ધારકોને વગર હરાજીએ વેચાણ હક્કથી આપવાની મંજુરી મળતાં તે દુકાનો પ્રદિપસિંહ જાડેજાના વરદહસ્તે અર્પણ કરવામાં આવી હતી. તદ ઉપરાંત લાંબડીયાના નવ નિર્મિત પશુ સારવાર કેન્દ્રના મકાનના લોકાર્પણના ભાગરૂપે તકતીનું અનાવરણ પ્રદિપસિંહ જાડેજાએ કર્યુ હતું. કાર્યક્રમની શરૂઆતમાં પાલિકાની ટાઉનપ્લાનીંગ સમિતિના ચેરમેન અરવિંદભાઈ રાવલે સૌનું સ્વાગત કર્યું હતું જ્યારે કારોબારીના ચેરમેન અરવીંદભાઈ ઠક્કરે નગરપાલિકા દ્વારા થયેલ વિકાસના કામોની રૂપરેખા આપી હતી. મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર છેલ્લા બાર વર્ષથી વિકાસનો યજ્ઞ કરી રહી છે. તેના ભાગરૂપે આજે અંબાજીમાં ૫૧ શક્તિપીઠોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. અંબાજી યાત્રા ધામની ૧.૮૦ કરોડ યાત્રાળુઓએ મુલાકાત લઈ દર્શનનો લાભ લીધો છે. હવે આ આંકડો ૪ કરોડ સુધી પહોંચવાનો છે. કેટલાક યાત્રાળુઓ ખેડબ્રહ્માથી પસાર થશે જેનો સીધો ફાયદો ખેડબ્રહ્માને થશે. આ પ્રસંગે પ્રદેશ ભાજપનાં ઉપાધ્યક્ષ રમીલાબેન બારા - જિલ્લા પ્રમુખ પૃથ્વીરાજ પટેલ, ઉપપ્રમુખ નટવરસિંહ, કલેક્ટર-બંછાનિધિ, નાયબ પશુપાલન નિયામક ડૉ. પી.કે. મિસ્ત્રી સહીત પાલિકાના સદસ્યો તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે આભારવિધિ ચીફ ઓફીસર હરીશભાઈ અગ્રવાલે કરી હતી.

## ઈડરના રામજી મંદિરના મહંતની મૃતદેહ મળતા ચકચાર

ધનસુરા, તા. ૧૫

સાબરકાંઠાના ઈડરમાં આવેલ રામજી મંદિરના મહંતની ગળામાં સુતળી લપેટેલી હાલતમાં મંદિરના ભોંયરામાંથી લાશ મળતા ચકચાર મચી જવા પામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા અને અરવલ્લીમાં તાજેતરમાં ૧૦ જેટલા મંદિરોને તસ્કરોએ ટાર્ગેટ બનાવી મહંતોની મરાઝુડ અને હત્યાના કિસ્સા બન્યા છે. આ જોતા હવે બંને જિલ્લામાં મંદિરના મહંતોની સલામતી રહી ના હોય તેવું લોકોને લાગી રહ્યું છે.

અત્યાર સુધીમાં આ મંદિરોમાં થયેલ લૂંટ અને હત્યાના ગુના પોલીસ હજુ ઉકેલી શકી નથી ત્યાં સાબરકાંઠાના ઈડરમાં વધુ એક મહંતની હત્યાથી પ્રજામાં રોષની લાગણી ફેલાવા પામેલ છે. આ હત્યાના બનાવ અંગે પોલીસને જાણ કરાતા પોલીસે લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી હતી.

# રૂદ્રમાળા ગામમાં ૨૧ કુંડી મહાયજ્ઞ તથા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

### હજારોની સંખ્યામાં શીવભક્તો સહીત રાજ્યના મંત્રી ઉપસ્થિત રહ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના રૂદ્રમાળા ગામે ૨૧ કુંડી મહાયજ્ઞ તથા શીવ પરિવારના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૧ ફેબ્રુઆરીથી તા. ૧૩ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલ આ મહોત્સવમાં ૨૧ કુંડી મહાયજ્ઞમાં



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

૮૨ યજમાનોએ ધર્મલાભ લીધો હતો તથા નવીન મંદિરમાં શીવલીંગ-પાર્વતી માતા, ગણપતિ, હનુમાનજી તથા નંદી સહીતની મૂર્તિઓની પ્રતિષ્ઠા વિધિવત્ કરવામાં આવી હતી. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં અમદાવાદના શાસ્ત્રી હિતેન્દ્રભાઈ, આચાર્ય તરીકે તથા વડાલીના રમાકાન્ત જોષી ઉપાચાર્ય તરીકે અને અન્ય ૨૫ ભૂદેવોએ કાર્ય સંપન્ન કરાવ્યું હતું. પૂર્ણાહુતિના દિવસે રાજ્યના મંત્રીઓ રમણલાલ વોરા, પ્રદિપસિંહ જાડેજા તથા રમીલાબેન બારા અને પૃથ્વીરાજ પટેલ ઉપસ્થિત રહી યજ્ઞમાં આહુતી આપી હતી. આ ઉપરાંત પૂર્ણાહુતીના દિવસે હજારોની સંખ્યામાં શીવભક્તો ઉપસ્થિત રહી યજ્ઞનારાયણ તથા શીવ પરિવારનાં દર્શન કરી ધન્ય બન્યા હતા. આ મહોત્સવને સફળ બનાવવા જશુભાઈ પટેલ - દોલજીભાઈ પટેલ તથા ધુળાભાઈ હીરાભાઈ પટેલ સહીત સમગ્ર રૂદ્રમાળાના ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન